॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

નાણાંકીય નીતિના પરિમાણાત્મક સાધનોમાં આવેલાં પરિવર્તનો

DR. PARESH JAGDISHGIRI GOSWAMI
ASSISTANT PROFESSOR
SHREE R.P. CHAVDA MAHILA ARTS COLLEGE, BHATIYA

RAKESH RAJUBHAI KARMUR
ASSISTANT PROFESSOR
GEETANJALI INSTITUDE OF EDUCATION, RAJKOT

1. સારાંશ

કોઈ પણ દેશની બેંકિંગ પદ્ધતિમાં મધ્યસ્થ બેન્ક સર્વોચ્ચ સ્થાન ધરાવે છે અને વ્યાપારી બેન્કો કરતાં દેશમાં મધ્યસ્થ બેન્કનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું જોવા મળે છે. મધ્યસ્થ બેન્ક દેશના અર્થતંત્રની આર્થિક સ્થિરતા જાળવી રાખનાર એક કેન્દ્રિય સંસ્થા છે. મધ્યસ્થ બેન્કના કાર્યો અનેક છે. તેના બધા કાર્યોમાં શાખ નિયંત્રણનું કાર્ય સૌથી વધુ મહત્વનુ છે. મધ્યસ્થ બેન્ક દેશના વિશાળ હિતમાં શાખ નિયંત્રણ અને નાણાકીય નીતિનો અમલ કરે છે. આજે દુનિયાના લગભગ બધા જ દેશોમાં કાયદામાન્ય નાણાં ઉપરાંત શાખી નાણું અથવા બેન્ક નાણું મહત્વનુ સ્થાન ધરાવે છે. આમ, પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં નાણાકીય નીતિ અને તેના પરિમાણાત્મક સાધનોમાં આવેલાં પરિવર્તનોનો અભ્યાસ કરવામાં આવશે.

2. મહત્વના શબ્દો : બેંક રેટ, રેપો રેટ, રિવર્સ રેપો રેટ, ટકાવારી

3. પ્રસ્તાવના

નાણાકીય નીતિના અમલ માટે નાણાકીય નીતિનાં સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. નાણાંની માંગ અને પુરવઠામાં અસમતુલા હોય તો અર્થતંત્રમાં ફુગાવો કે મંદી સર્જાય તે માટે નાણાંની માંગ અને નાણાંના પુરવઠાનું સંચાલન અત્યંત જરૂરી બને છે. આથી નાણાંકીય સ્થિરતા લાવવા માટે જે નીતિ તૈયાર કરવામાં આવે છે તેને નાણાકીય નીતિ કહેવાય છે. નાણાકીય નીતિનાં સાધનોમાં 1.બેંક રેઈંટ 2. રેપો રેટ 3. રિવર્સ રેપો રેટ 4.ખુલ્લા બજારની નીતિ 5. રોકડ અનામતનું પ્રમાણ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. નાણાકીય નીતિનાં આ સાધનો શાખસર્જન પર પ્રભાવ પાડે છે અને તેમ કરીને નાણાંના પુરવઠાનું નિયમન કરવામાં આવે છે. પ્રસ્તૃત સંશોધન અભ્યાસમાં આપણે એ જાણવાનો પ્રયત્ન કરીશું કે જૂદા જૂદા સમયે નાણાકીય નીતિનાં સાધનોમાં કેવા અને કેટલા પ્રમાણમાં ફેરફાર આવ્યાં છે. જૂદા જૂદા સમયે અને સંજોગો અનુસાર તેમાં કેવાં પ્રકારના ફેરફાર આવ્યાં છે. તેવી અનેક બાબતોનો અત્રે અભ્યાસ કરવામાં આવશે.

4. હેતુઓ

- નાણાકિય નીતિમાં આવેલાં પરિવર્તનોનો અભ્યાસ કરવો.
- નાણાકિય નીતિના પરિમાણાત્મક સાધનોમાં આવેલાં પરિવર્તનોનો જ અભ્યાસ કરવો.
- નાણાકિય નીતિના પરિમાણાત્મક સાધનોમાં આવેલાં પરિવર્તનોની આંકડાકીય માહિતી દ્વારા રજૂઆત કરવી.

5. સંશોધન પદ્ધતિ

✓ પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ અને ગૌણ મહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

6. સંદર્ભ સાહિત્ય સમીક્ષા

Manpreet Kaur and Sunanda (2020) Analysis of Monetory Policy and it's Impact On Indian Economy

નાણાકીય નીતિ દેશનાં આર્થિક વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. આ સંશોધન અભ્યાસમાં નાણાકીય નીતિની સમિક્ષા અને ભારતીય અર્થતંત્ર પર તેની કેવી અને કેટલી અસર થાય છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે. નાણાં પુરવઠાની દેખરેખ, ભાવ સ્થિરતા, નાણાંકિય પરિવર્તનો વગેરેને જાળવી રાખવામાં નાણાંકિય નીતિ મહત્વની કામગીરી બજાવે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વિવિધ સૂચકાંક અને ઘટકોને લક્ષમાં લેવામાં આવ્યાં છે જેમ કે GDP, રેપો રેટ, રિવર્સ રેપો રેટ, બેરોજગારી, પ્રત્યક્ષ વિદેશી રોકાણ, ફુગાવો વગેરેને ચલ તરિકે સ્થાન આપવામાં આવ્યું છે. આ ચલોનો ઉપયોગ કરીને એવું દર્શાવવામાં આવ્યું છે કે રાષ્ટ્રની અર્થવ્યવસ્થા આ પરિબળો પર સંપૂર્ણપણે નિર્ભર રહેલી છે.

Ruchita Mitra, (2022) A Comparative Analysis of the Functions and Roles of Reserve Bank of India and Federal Reserve System of the United States.

પ્રસ્તુત અભ્યાસ ભારતીય રિઝર્વ બેંક અને યુનાઇટેડ સ્ટેટ્સની ફેડરલ રિઝર્વ સિસ્ટમની વ્યાપક સરખામણી રજૂ કરે છે, તેમના ઐતિહાસિક મૂળ, કાર્યો અને ભૂમિકાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે તપાસે છે કે કેવી રીતે RBIનો ઇતિહાસ પ્રેસિડેન્સી ટાઉન બેંકોના એકત્રીકરણમાં સમાયેલો છે, જ્યારે FRS બેંકિંગ ગભરાટ અને નાણાકીય અસ્થિરતાના પ્રતિભાવમાં ઉભરી આવ્યો હતો. આ લેખ બંને કેન્દ્રીય બેંકોના બહુપક્ષીય કાર્યોની તપાસ કરે છે, જેમાં RBI ની નીતિના સાધનોની વિશાળ શ્રેણી, તેની વ્યાપક ચુકવણી પ્રણાલીઓ અને નાણાકીય સમાવેશ અને સાક્ષરતા પર તેના ધ્યાન પર ભાર મૂકે છે. તે દરેક સંસ્થા દ્વારા સુવિધા આપવામાં આવેલ ચુકવણીની રીતોનું મૂલ્યાંકન કરે છે અને વિવિધ ચુકવણી વિકલ્પો ઓફર કરવા માટે ટેકનોલોજીના RBIS ઉપયોગને પ્રકાશિત કરે છે. વધુમાં, અભ્યાસ બંને સિસ્ટમોમાં ચલણ વ્યવસ્થાપન સાથે સંકળાયેલા શુલ્ક અને જવાબદારીઓની તુલના કરે છે. નિષ્કર્ષમાં તે ભારતીય અર્થતંત્રમાં

આરબીઆઈની વ્યાપક ભૂમિકાના મહત્વ અને નીતિના અમલીકરણ માટેના તેના સક્રિય અભિગમને રેખાંકિત કરે છે, જે બંને કેન્દ્રીય બેંકોની શક્તિઓ અને નબળાઈઓમાં મૂલ્યવાન આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે.

K.K. Karunarathna,T.S. de Silva. act. January (2024) ફુગાવા અને ઉત્પાદન પર નાણાકીય નીતિની અસર: શ્રીલંકા, ભારત અને યુએસએ પર તુલનાત્મક અભ્યાસ

મોનેટરી પોલિસી એ ફુગાવાને સ્થિર કરવા અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીય બેંકો દ્વારા ઉપયોગમાં લેવાતું એક મહત્વપૂર્ણ સાધન છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, શ્રીલંકાના અર્થતંત્રને આર્થિક મંદી અને વધતી જતી ફુગાવા જેવા નોંધપાત્ર આર્થિક પડકારોનો સામનો કરવો પડ્યો હતો. આના કારણે શ્રીલંકાની સેન્ટ્રલ બેંકે અર્થતંત્રને સ્થિર કરવા માટે વિવિધ મોનેટરી પોલિસી ફેરફારો અમલમાં મૂક્યા. આ અભ્યાસમાં 1980 થી 2023 સુધીના માસિક ડેટાનો ઉપયોગ કરીને યુએસએ, ભારત અને શ્રીલંકામાં ઉત્પાદન અને ફુગાવા પર મોનેટરી પોલિસી ટ્રાન્સમિશન મિકેનિઝમ્સ (MTM) ની અસરોની તપાસ કરવામાં આવી છે, જેથી આ દરેક અર્થતંત્રને નાણાકીય નીતિ ગોઠવણો કેવી રીતે પ્રભાવિત કરે છે તેની તુલનાત્મક સમજ પૂરી પાડી શકાય. વિશ્લેષણમાં કુલ સ્થાનિક ઉત્પાદન (GDP) અને ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) પર મોનેટરી પોલિસી ગોઠવણોની ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની અસરોને સમજવા માટે વેક્ટર એરર કરેક્શન મોડેલ (VECM) નો ઉપયોગ કરવામાં આવે છે. આ અભ્યાસના પરિણામો નીતિ અમલીકરણના પરિમાણ અને સમય અને ત્રણેય અર્થતંત્રોમાં તેની અસરોમાં મોટા તફાવત દર્શાવે છે.

7. નાણાકિય નીતિના પરિમાણાત્મક સાધનોમાં આવેલાં પરિવર્તનો

- નાણાંકીય નીતિનો અર્થ

નાણાંકીય નીતિ એટલે અર્થતંત્રમાં નાણાંના પુરવઠામાં ફેરફાર કરવા અંગેની નીતિ.

નાણાંકિય નીતિ દ્વારા દેશનાં નાણાંના પુરવઠા પર એક પ્રકારનું નિયંત્રણ લાદવામાં આવે છે. જે મંદી અને ફુગાવાની પરિસ્થિતીમાં ઉપયોગી નીવડે છે.

- નાણાંકીય નીતિના પરિમાણાત્મક સાધનો

1) બેન્ક રેટ

2) રેપો રેટ

3) રોકડ અનામતનું પ્રમાણ (CRR)

4) કાયદામાન્ય પ્રવાહિતાનું પ્રમાણ (SLR)

5) ખુલ્લાં બજારની નીતિ (OMO)

ઉપરોકત નાણાંકીય નીતિના પરિમાણાત્મક સાધનોમાં આવેલા પરિવર્તનો નીચે મુજબ જોવા મળે છે.

1) બેન્ક રેટ

જ્યારે વ્યાપારી બેન્કો નાણાંની અછત અનુભવે ત્યારે RBI પાસેથી નાણાં ઉધાર લે છે. RBI વ્યાપારી બેન્કોને લાંબાગાળાનું ધિરાણ જે વ્યાજ દરે આપે તેને બેન્ક રેટ કહેવાય છે. હવે જૂદા જૂદા સમયે બેંક રેટમાં આવેલા પરિવર્તનોનો નીચે મુજબ જોઈ શકાય છે.

વર્ષ	બેંક રેટ (%)
1953	3.5
1981	10
1991	12
2016	7.0
2021	4.25
2024	**6.75**



અર્થઘટન

ઉપરોકત કોષ્ટકમાં જોઈ શકાય છે કે વર્ષ 1953માં બેન્ક રેટ 3.5% હતો, જે વર્ષ 1991માં વધીને 12% જોવા મળે છે જે 1991 ની LPG પોલિસી અંતર્ગત અસર જોવા મળે છે અને વર્ષ 2021માં ઘટીને 4.25% થાય છે જે કોવિડ-19 અંતર્ગત અસર જોવા મળે છે અને વર્ષ 2024માં વધીને 6.75 રહ્યો હતો.જે સામાન્ય સ્થિતિને અનુસરે છે.

2) રેપો રેટ

જ્યારે વેપારી બેન્કોને ખૂબ ટૂંકાગાળા માટે (1 દિવસ, 7 દિવસ, 15 દિવસ) માટે નાણાંની જરૂરીયાત ઉભી થાય છે. ત્યારે તેઓ RBI પાસેથી નાણાં લે છે. જે દરે RBI વેપારી બેન્કોને આવા નાણાં આપે તેને રેપો રેટ કહેવાય છે.હવે જૂદા જૂદા સમયે રેપો રેટમાં આવેલા પરિવર્તનોનો નીચે મુજબ જોઈ શકાય છે.

વર્ષ	રેપો રેટ
2006	5.50
2010	3.50
2016	6.00
2021	3.35
2024	**6.50**



અર્થઘટન

ઉપરોકત કોષ્ટકમાં જોઈ શકાય છે કે વર્ષ 2006માં રિવર્સ રેપો રેટ 5.50% હતો, જે વર્ષ 2010માં ઘટીને 3.50% અને 2016માં વધી 6.0% થયો અને 2021માં 3.35% થયો હતો, જે કોવિડ-19 અંતર્ગત અસરને લીધે RBI ના નાણાં પુરવઠા અને દેશની આર્થિક પ્રવૃતિઓની ઉથલ-પાથલોને અનુસરે છે અને વર્ષ 2024માં **6.50 % રેહવા પામ્યો હતો.**

3) રોકડ અનામતનું પ્રમાણ (CRR)

RBIની 1934 ની ધારા મુજબ દરેક વેપારી બેંકોએ પોતાની થાપણોના અમૂક ટકા જેટલી રકમ RBI પાસે કડ અનામત તરીકે રાખવાની હોય છે. તેને રોકડ અનામતનું પ્રમાણ કહેવાય છે. જે સામાન્ય

રીતે 3 થી 15 ટકા જેટલો હોય છે. હવે જૂદા જૂદા સમયે રોકડ અનામતનું પ્રમાણમાં આવેલા પરિવર્તનોનો નીચે મુજબ જોઈ શકાય છે.

વર્ષ	રોકડ અનામતનું પ્રમાણ (%)
1999	5.21
2020	3.00
2021	3.00
2024	**4.00**



અર્થઘટન

ઉપરોકત કોષ્ટકમાં જોઈ શકાય છે કે વર્ષ 1999માં રોકડ અનામતનું પ્રમાણ (CRR) 5.21 % હતો જે 2020માં ઘટી 3.0 % અને 2021માં સ્થિર રહેતા 3.0 % જ જોવા મળે છે અને વર્ષ 2024માં 4.00% % રેહવા પામ્યો હતો..

4) કાયદામાન્ય પ્રવાહિતાનું પ્રમાણ (SLR)

'બેન્ક રેગ્યુલેશન એક્ટ' મુજબ દરેક વેપારી બેન્ક CRR થી જુદા અને તે ઉપરાંત પોતાની કુલ થાપણોના 25% જેટલું મૂલ્ય નકદ, સોનું, કે સરકારી જામીનગીરીઓ વગેરે સ્વરૂપે રાખવું જરૂરી છે. જેને કાયદામાન્ય પ્રવાહિતાનું પ્રમાણ કહે છે. હવે જૂદા જૂદા સમયે કાયદામાન્ય પ્રવાહિતાનું પ્રમાણમાં આવેલા પરિવર્તનોનો નીચે મુજબ જોઈ શકાય છે.

વર્ષ	કાયદામાન્ય પ્રવાહિતાનું પ્રમાણ (%)
1999	25.00

2010	24.00
2012	23.00
2016	21.25
2021	18.00
2024	**18.00**



અર્થઘટન

ઉપરોકત કોષ્ટકમાં જોઈ શકાય છે કે વર્ષ 1999માં કાયદામાન્ય પ્રવાહિતાનું પ્રમાણ (SLR) 25% હતું, તે વર્ષ 2010માં ઘટી 24% અને વર્ષ 2016માં વધુ ઘટી 21.25% થયું હતું. જે કોવિડ-19 અંતર્ગત અસરને લીધે RBI ની નાણાંકિય અનામતો અને દેશમાં નાણાંકીય કટોકટીનો નિર્દેશ કરે છે, જે વર્ષ 2021 થી 2024 સુધીમાં 18% યથાવત રહ્યો હતો.

5) ખુલ્લાં બજારની નીતિ (OMO)

અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધારવા કે ઘટાડવા RBI ખુલ્લાં બજારમાં સરકારી જામીનગીરીઓનું ખરીદ-વેચાણ કરે તેને ખુલ્લાં બજારની નીતિ કહેવાય છે. વર્તમાન પ્રવાહિતા અને નાણાકીય પરિસ્થિતિઓની સમીક્ષા પર, ભારતીય રિઝર્વ બેંકે 06 મે, 2021 ના રોજ દરેક 10,000 કરોડની કુલ રકમ માટે ઓપન માર્કેટ ઓપરેશન્સ (0MO) હેઠળ સરકારી સિક્યોરિટીઝની એક સાથે ખરીદી અને વેચાણ કરવાનું નક્કી કર્યું છે. તદનુસાર, ઓપન માર્કેટ ઓપરેશન્સ (OMO) હેઠળ સરકારી સિક્યોરિટીઝની એકસાથે ખરીદી અને વેચાણ માટેની સિક્યોરિટીઝની વિગતો નીચે મુજબ છે:

ભારતીય રિઝર્વ બેંક બહુવિધ ભાવની હરાજી પદ્ધતિનો ઉપયોગ કરીને નીચેની સિક્યોરિટીઝ ખરીદશે તેવી આગાહી કરી હતી.

Sr No.	ISIN	Security	Date of Maturity	Aggregate Amount

01	IN0020160035	6.97% GS 2026	06 Sep 2026	₹ 10,000 crore (This is no security-wise notified amount)
02	IN0020170174	7.17% GS 2028	08 Jan 2028	
03	IN0020200294	5.58% GS 2030	01 Dec 2030	

ભારતીય રિઝર્વ બેંક એક સાથે બહુવિધ ભાવની હરાજી પદ્ધતિનો ઉપયોગ કરીને નીચેની સિક્યોરિટીઝનું વેચાણ કરશે તેવી આગાહી કરી હતી.

Sr No.	ISIN	Security	Date of Maturity	Aggregate Amount
01	IN002021Y031	182 DTB 21102021	21 Oct 2021	₹ 10,000 crore (This is no security-wise notified amount)
02	IN002021Y049	182 DTB 28102021	28 Oct 2021	

Source : http://:rbi.org.in

RBI ગવર્નર સંજય મલ્હોત્રા દ્વારા નાણાકીય નીતિ પછીની પ્રેસ કોન્ફરન્સ

- RBIની મોનેટરી પોલિસી કમિટી (MPC) એ રેપો રેટમાં 25 પોઈન્ટ્સનો ઘટાડો કરીને 6.25% કર્યો છે, જે પાંચ વર્ષમાં પ્રથમ વખત દરમાં ઘટાડો દર્શાવે છે. અગાઉ બે વર્ષ માટે 6.5% પર સ્થિર રાખવામાં આવ્યો હતો, આ ઘટાડો વપરાશમાં વધારો કરવાના હેતુથી સરકારના તાજેતરના વ્યક્તિગત આવકવેરાના કાપને અનુસરે છે. RBI ગવર્નર નીતિની ઘોષણા પછી મીડિયાને સંબોધિત કર્યું હતું.

ભારતીય રિઝર્વ બેંક (RBI) અને ફેડરલ રિઝર્વ બેંક યુ.એસ.એ (FRS)

- ભારતીય રિઝર્વ બેંક (RBI) અને ફેડરલ રિઝર્વ બેંક યુ.એસ.એ (FRS) બન્નેનું પ્રાથમિક કાર્ય એટલે નાણાકીય નીતિ.
- ગ્રાહકોને યોગ્ય વ્યવહારની દૃષ્ટિએ ભારતીય રિઝર્વ બેંક (RBI) એ ફેડરલ રિઝર્વ બેંક યુ.એસ.એ કરતાં વધુ સારી નીતિઓ અને કાર્યો દર્શાવે છે.
- ભારતીય રિઝર્વ બેંક (RBI) ત્રણ બેંકોના વિલીનીકરણ દ્વારા કરવામાં આવી હતી જેમકે, કલકત્તા બેંક, મદ્રાસ બેંક અને બોમ્બે બેંક. જ્યારે, યુ.એસ.એની ફેડરલ રિઝર્વ બેંકની રચના યુ.એસ.એ માં આવેલ નાણાકીય સંકટને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. જેમકે મહામંદી, ફુગાવો, નાદારી, આર્થિક કટોકટી વગેરે.
- ભારતીય રિઝર્વ બેંક (RBI) અને ફેડરલ રિઝર્વ બેંક યુ.એસ.એ (FRS) બન્ને મહત્વના કાર્યોમાં સમાનતા દર્શાવે છે. જેમકે, નાણું, વ્યવહાર, નાણાંકીય આદેશ વગેરે.
- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ઘણા બધા કાર્યો પ્રદાન કરે છે. જે દેશના તમામ આર્થિક ક્ષેત્રને આવરી લે છે. જ્યારે કેટલેક અંશે ફેડરલ રિઝર્વ બેંક યુ.એસ.એ (FRS) તેવા કાર્યો પ્રદાન કરતી નથી.

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા નીતિઓના વિવિધ સાધનો બેંક રેટ, રેપો રેટ, રિવર્સ રેપો રેટ વગેરે, જે પ્રક્રિયાને વ્યવસ્થિત બનાવે છે. જ્યારે ફેડરલ રિઝર્વ બેંક યુ.એસ.એ તેવા સાધનોમાં મર્યાદાઓ બતાવે છે.
- ચૂકવણીની જવાબદારીઓમાં ભારતીય રિઝર્વ બેંક (RBI) અને ફેડરલ રિઝર્વ બેંક યુ.એસ.એ (FRS) ચુકવણીમાં ઓનલાઈન અને ઓફલાઈન બંને મોડ પ્રદાન કરે છે.

RESERVE BANK OF INDIA ANNUAL REPORT, 2023-24

- IMF અનુસાર, વર્ષ 2022 દરમિયાન વૈશ્વિક વૃદ્ધિ દર 3.5% થી ઘટીને વર્ષ 2023 દરમિયાન 3.2% થયો હતો.
- વૈશ્વિક ફુગાવોનો દર વર્ષ 2022 માં 8.7% થી ઘટીને વર્ષ 2023 માં 6.8% થયો હતો.
- અગાઉના વર્ષમાં 3.0 ટકાના વધારાની સરખામણીમાં વર્ષ 2023માં વૈશ્વિક વેપારનું પ્રમાણ 1.2% ઘટ્યું હતું.
- ઘરેલું આંતરિક પેદાશ : ભારતીય અર્થતંત્ર વર્ષ 2023-24માં મજબૂત ગતિએ આગળ વધ્યું હતું, વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર અગાઉના વર્ષના 7.0 ટકાથી વધીને 7.6 ટકા થયો હતો.
- ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન (GFCF) વર્ષ 2022-23માં 6.6 ટકાથી વધીને 2023-24માં 10.2 ટકા થવા પામ્યો હતો. ખાનગી મૂડીરોકાણ અંગેની માંગમાં વૃદ્ધિ એક વર્ષ અગાઉ 6.8 ટકાની સરખામણીએ 3.0 ટકા રહી હતી.
- વર્ષ 2023-24માં કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓમાં ગ્રોસ વેલ્યુ એડેડ વૃદ્ધિ દર 0.7 ટકા હતી, જે એક વર્ષ અગાઉ 4.7 ટકા હતી.
- વેલ્યુ એડેડ વૃદ્ધિ દરમાં 63 ટકાથી વધુના હિસ્સા સાથે સેવા ક્ષેત્ર વર્ષ 2023-24માં 7.9 ટકાની વૃદ્ધિ સાથે, કુલ પુરવઠાનો મુખ્ય આધાર રહ્યો હતો.
- વર્ષ 2023 (જાન્યુઆરી-ડિસેમ્બર) દરમિયાન રોજગારની સ્થિતિમાં સુધારો થયો હતો, સામાન્ય સ્થિતિમાં 3.1 ટકા અને વર્તમાન સાપ્તાહિક સ્થિતિમાં 5.0 ટકા રોજગારીની તકોમાં વધારો થવાનો અંદાજ રહ્યો હતો.

8. તારણો

- ભારતમાં 71 વર્ષનાં સમયગાળા દરમિયાન બેંક રેટમાં વધારો થયેલો જોવા મળે છે.
- ભારતમાં 25 વર્ષના સમયગાળા દરમિયાન રોકડ અનામત પ્રમાણમાં તેમજ કાયદામાન્ય પ્રવાહિતતાના પ્રમાણમાં ઘટાડો જોવા મળ્યો હતો.
- મધ્યસ્થ બેંક દ્વારા જામીનગીરી ખરીદ વેચાણની પ્રક્રીયા વર્ષ 2026 થી 2030 સુધી હરાજી પદ્ધતિ દ્વારા વેચાણનું આયોજન કરવામાં આવશે તેવી બાબતો સ્પષ્ટ કરવામાં આવી છે.

- પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં નાણાકીય નીતિના પરિમાણાત્મક સાધનોમાં આવેલા ગુણાત્મક પરિવર્તનોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.
- પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ભવિષ્યમાં મધ્યસ્થ બેંક દ્વારા કેવી રીતે નાણાકીય નીતિ ઘડી શકાય તે અંગેનું માર્ગદર્શન મળી રહે છે.
- ચૂકવણીની જવાબદારીઓમાં ભારતીય રિઝર્વ બેંક (RBI) અને ફેડરલ રિઝર્વ બેંક યુ.એસ.એ (FRS) ચુકવણીમાં ઓનલાઈન અને ઓફલાઈન બંને મોડ પ્રદાન કરે છે.
- IMF અનુસાર, વર્ષ 2022 દરમિયાન વૈશ્વિક વૃદ્ધિ દર 3.5% થી ઘટીને વર્ષ 2023 દરમિયાન 3.2% થયો હતો.
- વૈશ્વિક ફુગાવોનો દર વર્ષ 2022 માં 8.7% થી ઘટીને વર્ષ 2023 માં 6.8% થયો હતો.
- RBIની મોનેટરી પોલિસી કમિટી (MPC) એ રેપો રેટમાં 25 પોઈન્ટ્સનો ઘટાડો કરીને 6.25% કર્યો છે, જે પાંચ વર્ષમાં પ્રથમ વખત દરમાં ઘટાડો દર્શાવે છે.

9. ઉપસંહાર

આમ, પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં આપણે એ જાણવાનો પ્રયત્ન કર્યો કે જૂદા જૂદા સમયે નાણાકીય નીતિનાં સાધનોમાં કેવા અને કેટલા પ્રમાણમાં ફેરફાર થયા છે. જૂદા જૂદા સમયે અને સંજોગોમાં તેમાં કેવાં ફેરફાર આવ્યાં છે. તેવી બાબતોનો અહીં અભ્યાસ કરવામાં આવશે છે. અને જે અર્થતંત્રની નાણાંકિય નીતિમાં આવેલાં ફેરફારોની પણ ઝાંખી કરાવે છે.

References

સી, જમનાદાસની.કંપની. (2013) ***નાણું, બેંકિંગ અને રાષ્ટ્રીય અર્થવિધાન***, ગાંધીનગર : અમદાવાદ - ગુજરાત.

સી, જમનાદાસની. કંપની. (2019) ***ભારતનું અર્થતંત્ર***, ગાંધીનગર : અમદાવાદ - ગુજરાત.

ગુજરાત સરકાર. (2019). ***ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ,*** ગાંધીનગર : અમદાવાદ - ગુજરાત.

પટેલ, એ. (2020). ***ભારતીય અર્થતંત્ર***, યુવા પબ્લીકેશન : સુરત - ગુજરાત

Kaur, M. and Sunanda (2020) ***Analysis of Monetory Policy and it's Impact On Indian Economy***

Mitra,r (2022) ***A Comparative Analysis of the Functions and Roles of Reserve Bank of India and Federal Reserve System of the United States.***

K.K. Karunarathna,T.S. de Silva. act. January (2024) *ફુગાવા અને ઉત્પાદન પર નાણાકીય નીતિની અસર: શ્રીલંકા, ભારત અને યુએસએ પર તુલનાત્મક અભ્યાસ*

RBI ગવર્નર સંજય મલ્હોત્રા દ્વારા નાણાકીય નીતિ પછીની પ્રેસ કોન્ફરન્સ

હેન્ડબુક ઓફ સ્ટેટિસ્ટિક્સ ઓન ઈન્ડિયન ઈકોનોમી, (2021-22) ***RBI.***

http://:rbi.org.in

http://:Trandingeconomics.com

RESERVE BANK OF INDIA ANNUAL REPORT, 2023-24